# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૧/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'ઈકોનોમિક ઈમ્પેકટ ઓફ પેન્ડેમિક' વિષય ઉપર વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સવારે ૧૧:૦૦ કલાકે 'ઇકોનોમિક ઇમ્પેકટ ઓફ પેન્ડેમિક' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ભારત સરકારના નિતિ આયોગના ઓફિસર ઓન સ્પેશિયલ ડયુટી (ઓ.એસ.ડી.) શ્રી કિશોર દેસાઇએ કોરોનાને કારણે ભારતની અર્થવ્યવસ્થા ઉપર પડનારી અસર વિશે તેમજ સુરતની ઓરો યુનિવર્સિટીના ડીન ડો. રોહિત સિંઘે એજયુકેશન સિસ્ટમ ઉપર પડનારી અસર વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ જણાવ્યુ હતુ કે, ચેમ્બર દ્વારા વિવિધ વિષયો ઉપર વેબીનારનું આયોજન કરી ઉદ્યોગકારો તેમજ લોકોને ઘર બેઠા અવેર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે.

શ્રી કિશોર દેસાઇના જણાવ્યા મુજબ, કોરોનાને કારણે વિશ્વમાં અન્ય દેશોની તુલનામાં ભારતની અર્થવ્યવસ્થાને ઓછા અંશે નુકસાન થશે. એક–બે વર્ષ સુધી વિવિધ ઇન્ડસ્ટ્રીને મુશ્કેલીનો સામનો કરવો પડશે. ઓકટોબર ૨૦૧૯માં ઇન્ટરનેશનલ મોનીટરીંગ ફંડ (આઇએમએફ)ના ચીફના સંબોધન મુજબ ગ્લોબલ ઇકોનોમી ખૂબ જ ખરાબ સમયમાંથી પસાર થઇ રહી હતી. તે સમયે યુ.એસ. અને ચાઇના વચ્ચે ટ્રેડ વોર ચાલી રહયુ હતુ. ભારતનો જીડીપી ગ્રોથ ઘટીને સાડા ચાર ટકા થઇ ગયુ હતું. ગ્લોબલ ડેત ૨૫૦ ટ્રિલીયન ડોલર સુધી પહોંચી ગયુ હતુ. ફાયનાન્શીયલ ક્રાઇસિસ પહેલાં પણ આવી છે પણ અત્યારની પરિસ્થિતિ સૌથી અલગ છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કોરોનાને કારણે વિશ્વભરમાં આર્થિક ગતિવિધિ પૂર્ણપણે ઠપ્પ થઇ ગઇ છે. ફાર્મા અને હેલ્થ સિવાયની બધી જ કંપનીઓ નાના – મોટા તબકકે અસરગ્રસ્ત થઇ છે. નાના યુનિટો પૂર્ણપણે બંધ થઇ ગયા છે. ડિમાન્ડ અને સપ્લાય બંને બાજુ એની અસર પડશે. સપ્લાય ચેઇન અટકી ગઇ છે ત્યારે તેને ફરીથી ચાલુ કરવામાં ઘણો સમય લાગશે. નોર્થ ઇન્ડિયાના બેલ્ટમાં માઇગ્રેશન થયુ છે. આથી ખેતીમાં કપાત માટે મજૂરો મળશે નહીં. લોકોની ઇન્કમ ડિપ્રેસ થશે તો ઇકોનોમી ઉપર તેની ખરાબ અસર વર્તાશે. તેમણે વધુમાં કહયુ કે, બજેટમાં નાણાંમંત્રીએ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે રૂપિયા ૧૦૦ લાખ કરોડની જાહેરાત કરી હતી. ઇન્ફ્રાસ્ટ્રકચરમાં ઇન્વેસ્ટ કરાશે તો રોજગારી પણ ઉપલબ્ધ થશે.

શ્રી દેસાઇએ વધુમાં જણાવ્યું કે, કોરોનામાં લોકડાઉનને કારણે અત્યારે બે સ્ટેજનું નિર્માણ થયું છે. પહેલો સ્ટેજ સર્વાઇવલ અને બીજો સ્ટેજ રિવાઇવલનો રહેશે. એના માટે યુરોપિયન કન્ટ્રી, યુ.એસ. અને ભારત સરકારે પોલિસી નકકી કરી છે. અત્યારે કેન્દ્ર સરકાર અને બધી જ રાજય સરકારો કોરોનાના કપરા સમયમાંથી સુરક્ષિત રીતે પસાર થઇ જવા માટે પ્રયાસ કરી રહી છે. લોકોના જનધન એકાઉન્ટમાં રૂપિયા અને તેઓને ખોરાક પહોંચાડવા માટેનો પ્રયાસ થઇ રહયો છે. જાપાને પોતાની કંપનીઓને ચાઇનાથી શીફટ કરવાનો નિર્ણય લીધો છે. જેનાથી જાપાનને તો ખરો જ પણ ભારતને લાભ થવાની શકયતા છે. સરકાર વધારે ઋણ લઇ રહી છે પણ સરકાર તેને પાછા કરી શકશે કે કેમ તે પણ વિચારવુ પડશે. બધી સરકાર ઇઝી મનીનો એપ્રોચ કરી રહી છે. ત્યારબાદ બીજા સ્ટેજમાં સરકાર ઇન્ફ્રાસ્ટ્રકચર અને ઉદ્યોગોમાં ઇન્વેસ્ટમેન્ટ તરફ ધ્યાન આપશે.

તેમણે વધુમાં કહયું કે, વિશ્વમાં બધા જ દેશોનો જીડીપી ગ્રોથ નેગેટીવ દિશામાં જશે પણ ભારત અને ચાઇનાનો જીડીપી ગ્રોથ પોઝીટીવ દિશામાં રહેશે. ભારતમાં સર્વાઇવલ કન્ડીશન પૂર્ણ થશે ત્યારબાદ બાઉન્સ બેક કરવા માટે મુશ્કેલી થશે. અર્થવ્યવસ્થાને થોડા અંશે નુકસાન થશે પણ ગ્રો પાર્ટને વિઝીબિલીટી મળવી જોઇએ. બધા બિઝનેસ ટકી જશે તો આપણે ગ્રો કરી જઇશું. કહેવું મુશ્કેલ છે કે જૂન, જુલાઇ કે સપ્ટેમ્બર સુધી સ્થિતિ સુધરશે. આરબીઆઇએ ટર્મ લોનના હપ્તા માફ નથી કર્યા પણ આગળ ધપાવી દીધા છે. આગળ એક–બે કવોર્ટર સુધી તેની અસર દેખાશે. કોરોના વાયરસની એક વર્ષ સુધીમાં જો વેકસીન કાઢી શકીશું તો કદાચ વર્ષ ૧૯૩૦ જેવી મહામંદીથી બચી જઇશું.

ડો. રોહિત સિંઘે જણાવ્યુ હતુ કે, કોરોનાને કારણે ઓનલાઇન એજયુકેશન સિસ્ટમને કારણે વર્ચ્યુઅલ લર્નીગ એન્વાયરમેન્ટ ઉભું થશે અને શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓની માંગ મુજબ વિવિધ કોર્ષને ભણાવવા માટેની તૈયારી રાખવી પડશે. ઓરો યુનિવર્સિટીએ વર્ચ્યુઅલ લર્નીગ એન્વાયરમેન્ટના ઉપયોગથી વિદ્યાર્થીઓને ઓનલાઇન ભણાવવાની શરૂઆત કરી હતી. હવે તો ટીચર માટે પણ વર્ક ફ્રોમ હોમ આવી ગયું છે, આને વેલકમ સ્ટેજ માનવામાં આવે છે. આગામી સમયમાં ઓનલાઇન કલાસ રૂમ માટે નવો ઓર્ડર આવશે. આ સિસ્ટમને કારણે જીયોગ્રાફિકલ બોન્ડ્રી તુટી જશે અને ઓનલાઇન એડીશનલ રેવન્યૂ માટે નવો સ્કોપ ઉભો થશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આવનારા સમયમાં એક વિદ્યાર્થી દસ યુનિવર્સિટીમાંથી દસ કોર્ષ કરી શકશે. પોતાના રસ પ્રમાણે ઘરે બેસીને ભણી શકે છે. એનાથી કોમ્પીટીશન પણ ચોકકસપણે વધશે. શૈક્ષણિક સંસ્થાઓએ પણ વિદ્યાર્થીઓની માંગ પ્રમાણે નવા કોર્સિસની તૈયારી રાખવી પડશે. રીયલ કલાસરૂમ કરતા ઓનલાઇન કલાસમાં વધારે વિદ્યાર્થીઓ જોડાઇ શકશે. ઓપન પ્લેટફોર્મ મેનેજમેન્ટને ઇન્ટીગ્રેટ કરાશે તો ઘણો ફાયદો થશે. ૨૦૩૦ માટે જનરેશન ઝી અને અલ્ફાને ધ્યાનમાં રાખવું પડશે. આ સિસ્ટમને કઈ રીતે લાગુ કરીએ તે માટે શૈક્ષણિક સંસ્થાઓએ વિચારવુ પડશે.

ડો. સિંઘે વધુમાં જણાવ્યુ હતુ કે, વિદ્યાર્થીઓના લર્નીગ માટે ઇ–પોર્ટફોલિયો બનાવવા પડશે. વિદ્યાર્થીઓને અસાઇન્મેન્ટ આપવામાં આવશે અને તેઓ કેટલા ભણ્યાં છે તપાસવા માટે રેગ્યુલર ફીડબેક લેવા પડશે. ઓનલાઇન ટીચિંગને ઇફેકટીવ બનાવવા માટે સબ્જેકટ વાઇઝ ડિસ્કશન અને ડિબેટ કરવામાં આવશે. જનરેશન ઝીમાં વિદ્યાર્થીઓ યુ–ટયુબ પર વિડિયો જોઇને શીખશે અને ત્યારબાદ તેની ઉપર ચર્ચા કરવામાં આવશે. એના માટે ગૃપ વાઇઝ ઇન્ટરેકશન પણ કરી શકાય છે. એસેસમેન્ટ માટે એકઝામ સિસ્ટમમાં બદલાવ લાવવો પડશે. જો કે, આ એક શકયતા છે.

તેમણે વધુમાં કહયું કે, એકેડેમિક ડીગ્રી ઉપરાંત વિદ્યાર્થીઓમાં લાઇવ સ્કીલ અપગ્રેડ કરવા માટે પ્રયાસ કરવામાં આવશે. એના માટે બિઝનેસ અને એજયુકેશન સિસ્ટમને સાથે ચાલવુ પડશે. એક સપ્તાહ કે ચાર દિવસનો કોર્ષ ચાલુ કરી શકાય છે. ચેમ્બર અને યુનિવર્સિટીએ શોર્ટ ટર્મ કોર્ષ ચાલુ કરવા પડશે. જે વિદ્યાર્થીઓ ઓનલાઇન ભણી શકશે અને સર્ટિફિકેટ પણ મેળવી શકશે. ઓરો યુનિવર્સિટી દ્વારા લાઇવ સ્કીલ ઉપર ફોકસ કરવામાં આવી રહયું છે. વિદ્યાર્થીઓના માત્ર એજયુકેશનલ નહીં પણ હોલેસ્ટીક ડેવલપમેન્ટ માટે પ્રયાસ કરી રહયાં છે.

ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી હેમંત દેસાઇએ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જેમાં દેશભરમાંથી ૧૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને તેઓનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો. અંતે ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતું.